કરબોજની દરખાસ્તો સ્થાયી સમિતિએ ફગાવી

૫૯ લાખ રૂ.ની દરખાસ્તોમાં કાપ મૂક્યો તો કેટલીક દરખાસ્તોને ટુકડામાં વિભાજીત કરી : કાઉન્સીલરોની ગ્રાન્ટમાં ૨.૫૦ લાખનો વધારો કર્યો : કર્મચારીઓનો અજમાયશી સમયગાળો ૩ વર્ષનો કર્યો : કર્મયોગીઓની તાલિમનો ખર્ચ પણ વધાર્યો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ મ્યુનિ. કમિશ્નરશ્રીના ડ્રાફ્ટ બજેટમાં ઝીંકાયેલા કરબોજને આજે એક જ ઝાટકે ફગાવી દીધો છે. જો કે સ્થાયી સમિતિએ બજેટના કદમાં કોઈ ઘટાડો કર્યો નથી પરંતુ કેટલાક સુધારાઓ પછી બજેટમાં પુરાંત ૬ કરોડની રહેશે તેવા અંદાજો રજુ કરવામાં આવ્યા છે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ આજની આ બેઠકમાં રૂ. ૫૯ લાખના વિવિધ પ્રસ્તાવોમાં કાપ મુકવામાં આવી છે. જો કે કેટલીક દરખાસ્તોમાં સુધારા સાથે વધારા પણ કરવામાં આવ્યા છે.

એક કલાક જેટલો સમય ચાલેલી આ બેઠકમાં તંત્રના અધિકારીઓએ કેટલીક બાબતોમાં મુદ્રા રાક્ષસ અડી ગયાનો એકરાર કર્યો હતો. આ ઉપરાંત પહેલીવાર આઉટસોર્સિંગની ભરતી માટે પણ મહેકમ સમિતિની રચના કરવી અને તે મુજબ જ ભરતી કરવાનો પણ આગ્રહ કરવામાં આવ્યો છે.

મનપાની સ્થાયી સમિતિએ આજે શહેરને ગ્રીનસીટીનું બિરૂદ પાછુ મળે તે દિશામાં પ્રયાસો સઘન કરવા માટે વૃક્ષોના વાવેતર અને તેના સંવર્ધન માટે રૂ. ૨૦ લાખની ફાળવણી કરવાનો પણ નિર્ણય કર્યો છે.

મનપામાં પસંદગી પામેલ ૧૧૭ જેટલા કર્મયોગીઓનો અજમાયશી પિરીયડ પાંચ વર્ષને બદલે ૩ વર્ષનો કરવાનો પણ નિર્ણય લઈ કર્મચારીઓના દિલ જીતવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત કર્મયોગીઓની કેપીસીટી બિલ્ડીંગ માટેની કમિશ્નરની જોગવાઈમાં પણ વધારો કર્યો છે.

શહેરમાં ઈલેક્ટ્રીક નવીનીકરણ માટે રૂ. ૧૦ લાખની જોગવાઈ આજના બેઠકમાં કરવામાં આવી છે.

શહેરના રંગમંચોના નવીનીકરણ તેમજ તેની નિભાવણી માટે કરાયેલી જોગવાઈમાં રૂ. ૩૦૦ લાખનો જંગી વધારો આ બેઠકમાં કરવામાં આવ્યો છે.

સેક્ટરને ફરતી કમ્પાઉન્ડ હાઈમાસ્ક લગાવવાની ભલામણ પણ આજની સ્થાયી સમિતિની બેઠકમાં કરવામાં આવી છે. તેમજ આ માટે રૂ. ૧૫ લાખની જોગવાઈ પણ કરી છે.

મનપા માટે નવી વોર્ડ કચેરીઓ માટે રૂ. ૧૫ લાખની ફાળવણી કરવા તેમજ વોર્ડ કચેરીઓ હાલ જે હયાત છે તેમાં વોલ બનાવવા માટે ડ્રાફ્ટ બજેટની જોગવાઈમાં રૂ. ૨૦૦ લાખનો વધારો કરવાની સાથે મનપાના રેકર્ડનું ડિજીટીલ સ્કેનીંગ કરવાનો પણ નિર્ણય આજની આ બેઠકમાં કરવામાં આવ્યો છે.

સે. ૨૧ની લાયબ્રેરીમાં સુધારા વધારા કરી સ્માર્ટ લાયબ્રેરી

● અનુસંધાન પાન-૭ પર

સાબરમતી નદી પર ડુબાવ પુલ બનાવવાનું આયોજન

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં સાબરમતી નદી પર બાસણ ગામને 'જ' રોડ સાથે જોડતા ડુબાવપુલનું બાંધકામ કરવા સૂચવવામાં આવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારોની સુવિધા પર ધ્યાન અપાતુ નથી તેવા આક્ષેપનો છેદ ઉડાડતાં આ બજેટમાં આ માટે રૂ. ૧ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત શહેરી પછાત વિસ્તારમાં માળખાકીય સુવિધાના કામો માટે કમિશ્નરશ્રીએ કરેલી રૂ. ૪ કરોડની જોગવાઈ સામે વધુ રૂ. ૧ કરોડનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે.

આઉટસોર્સિંગની ભરતી માટે પણ મહેકમ સમિતિની રચના કરાશે

ગાંધીનગર મનપામાં થયેલ ભરતી વિવાદ તેમજ આઉટ સોર્સિંગની ભરતીમાં ચાલતા માયકાવાદને લઈ આજે સ્થાયી સમિતિએ આઉટસોર્સિંગ માટે ડ્રાફ્ટ બજેટમાં કરેલ જોગવાઈમાં પણ રૂ. ૧૦૦ લાખનો ઘટાડો કર્યો છે.

આ ઉપરાંત આઉટસોર્સિંગથી નિયુક્ત થતા સીક્યોરીટી ગાર્ડસના ખર્ચમાં પણ રૂ. ૫૦ લાખનો ઘટાડો કર્યો છે.

સ્થાયી સમિતિએ આઉટસોર્સિંગથી ભરતી માટે મહેકમ સમિતિની રચના કરવી તેમજ કાયદાના પ્રસ્થાપિત ધોરણો મુજબ જ ભરતી કરવામાં આવે તેવુ સ્પષ્ટ ઠરાવ્યુ છે.

સ્થાયી સમિતિએ કર્મચારીઓની કેપીસીટી બિલ્ડીંગ માટે તાલિમના ખર્ચમાં પણ રૂ. પાંચ લાખનો વધારો કર્યો છે. તેમજ મનપાના કાયમી કર્મચારી તરીકે ભરતી થયેલા કર્મચારીઓના અજમાયશી પિરીયડમાં બે વર્ષનો ઘટાડો કર્યો છે.

૨૦૧૯-૨૦માં સભ્યોની વણવપરાયેલી ગ્રાન્ટ કેરી ફોરવર્ડ કરાઈ

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકે સભાસદોની ગ્રાન્ટ તથા મહિલા ઉત્કર્ષની વણ વપરાયેલી ગ્રાન્ટને ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેરી ફોરવર્ડ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

ઘણા બધા સભ્યોની આ રકમ વણવપરાયેલી રહી છે. સામાન્યતઃ વર્ષ સંપન્ન થતાં જ આ ગ્રાન્ટ લેપ્સ જતી હોય છે. આ વખતે પહેલીવાર આ ગ્રાન્ટ કેરી ફોરવર્ડ કરવામાં આવતાં સભ્યોને તેનો લાભ થશે. આ બેઠકમાં શહેરના મુખ્ય રસ્તાઓની સેન્ટ્રલવર્જ ટ્રાફિક સલામતિને ધ્યાને લઈ ઓર્નામેન્ટલ ગ્રીલ શહેરના દરેક રસ્તા પર લગાવવામાં આવે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

સ્વચ્છતા અભિયાનમાં નંબર પાછળ જતાં તંત્રને કડક તાકીદ

સ્વચ્છતા સર્વેક્ષણમાં છ માસિક પરિણામોમાં શહેરનો ક્રમ જે રીતે પાછળ ધકેલાયો છે તેને નજરમાં રાખી સ્થાયી સમિતિએ ઓનલાઈન ફરિયાદ નિયમન વ્યવસ્થા વધુ સઘન બનાવવા પર ભાર મુક્યો છે. આ ઉપરાંત ઓડીએફ જાહેર થયેલા શહેરમાં પ્રાથમિક સુવિધામાં વધારો કરવા અર્થે નવીન પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરના આંતરિક રોડ તથા ચોકઠાઓની સફાઈ અંગે સત્વરે ટેન્ડર બહાર પાડવા અને તે કાર્યવાહી તાત્કાલિક થાય તે જોવા જણાવાયું છે. શહેરના આંતરિક રોડ તેમજ ખુલ્લા પ્લોટ્સ અને શૌચાલયોની નિભાવણી માટે રૂ. ૧૩ કરોડની જે જોગવાઈ કરાઈ હતી. કોઈ એક ઈજારદારની આ માટે મોનોપોલી ઉભી ના થાય તે માટે ત્રણ ભાગમાં તેને વિભાજીત કરી આ માટેની જરૂરી ટેન્ડર પ્રક્રિયા કરવા જણાવાયુ છે.

માર્ગ-મકાન વિભાગને જે કાર્યો માટે ગ્રાન્ટ ફળવાય છે તે મનપા કરશે

માર્ગ-મકાન વિભાગને જે કાર્યો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે અંગેનો રિપોર્ટ અને ખર્ચની વિગતો આપવામાં ચાલતી મંથર ગતિથી વાજ આવેલ મનપાની સ્થાયી સમિતિએ હવે મનપાને જે કાર્યો માટે ગ્રાન્ટ ફળવાય છે તે મનપા જાતે કરે તે માટે સરકારમાં રજુઆત કરાશે.

આજની સ્થાયી સમિતિમાં આ નિર્ણય થતાં સીટી ઈજનેરની કચેરીની હાલ જે કામગીરી છે તેમાં વધારો થશે તેમજ તે માટે જરૂરી કર્મયોગીઓ તકનીકી સહિતનાની સંખ્યામાં વધારો થશે.

જો કે એવી વાતો થાય છે કે સરકાર સફાઈ સિવાય અન્ય કોઈ સેવાઓ આપતી નથી અને પાટનગરના અન્ય વિભાગોની કામગીરી જે સુયોગ્ય સંકલનથી થવી જોઈએ તે નથી તેને કારણે ઘણા બધા પ્રશ્નો ઉભા થાય છે. બીજુ પાટનગર યોજનામાં પણ રિટાયર્ડમેન્ટને લઈ ઘણી જગ્યાઓ ખાલી પડી છે ત્યારે મનપાને તકનીકી સક્ષમતા પ્રાપ્ત થાય તે માટે આ કરવુ જરૂરી છે તેવો મત વ્યક્ત થયો છે.

લોક આંદોલનના ડરે વેરા વધારો ફગાવ્યો : વિપક્ષ નેતા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં કમિશનર દ્વારા ડ્રાફ્ટ બજેટમાં સુચવાયેલા સફાઈ વેરા અને મિલકત વેરા વધારાની જોગવાઈ ફગાવી દેવાઈ હતી. ત્યારે વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કહ્યું હતું કે કમિશનરે વેરા વધારાની દરખાસ્ત કરી ત્યારે કોંગ્રેસે તેનો વિરોધ નોંધાવ્યો હતો અને જો સ્થાયી સમિતિ આ વેરામાં વધારો કરશે તો કોંગ્રેસ પ્રજાને સાથે રાખી મોટુ આંદોલન કરશે તેવી ચેતવણી આપી હતી તેના પગલે જ સ્થાયી સમિતિએ કોંગ્રેસ અને લોકોના ડરથી આ વેરા વધારો ફગાવી દીધો છે. ત્યારે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારો પણ શહેર જેટલો જ વેરો ભરતાં હોવાથી તેમાં ઘટાડો થાય તે માટે કોંગ્રેસ સામાન્ય સભામાં પણ આ મામલે રજુઆત કરશે. શહેર અને ગ્રામ્ય વિસ્તારની મિલકતો વેલ્યુમાં તફાવત હોવાથી મિલકત વેરામાં પણ ફેરફાર જરૂરી છે.

સ્થાયી સમિતિના સૂચનો

- જે તે નાણાંકિય વર્ષના મિલ્કત વેરાના બિલોની બજવણી પહેલાં પરંતુ મોડામાં મોડા ૩૧ મે સુધીમાં આગલાં વર્ષના મિલ્કતવેરાના આધારે એડવાન્સ મિલ્કતવેરો ભરનાર કરદાતાને મિલ્કતવેરાની રકમમાં ૧૦ ટકા રિબેટ આગામી વર્ષ ૨૦૨૦-૨૧ માટે આપવાનું ઠરાવવામાં આવે છે.
- મહિલા સશક્તિકરણના ભાગરૂપે જે મહિલાઓ મકાન માલિક હોય તેમને વેરામાં ૫ ટકા રિબેટ સરળતાપૂર્વક આપવાની આગામી વર્ષથી જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.
- કચરાના બલ્કનો જાતે વિભાજન કરી નિકાલ કરનાર સંસ્થાઓને ૫૦ ટકા રીબેટ આપવાનું ઠરાવવામાં આવે છે.
- મહિલા ઉત્કર્ષ શિબિરની ગ્રાન્ટમાંથી દરેક સભાસદને ૫૦ હજાર ફાળવવાની જોગવાઈ મહિલાઓના ઉત્કર્ષ અર્થે કરવાનું ઠરાવવામાં આવે છે.
- પેરીફેરીની ગ્રાન્ટમાંથી નાના અંતરની ડ્રેનેજ લાઈનના ટુકડા નાખવાની કામગીરી મહાનગરપાલિકા દ્વારા કરવી.
- ગાંધીનગર મહાનગરપાલિકાએ જે નિવૃત્ત અધિકારીઓની સ્ટેચ્યુટરી અધિકારીની જગ્યા પર નિમણૂંક કરેલી છે. તેઓને કોર્પોરેશનના ખર્ચે ગાંધીનગરમાં આવાસની સુવિધા આપવી.
- અંતિમધામ ખાતે બાળકોની દફનવિધિ પૈકીની તારની ફેન્સીંગ દૂર કરી, તેની જગ્યાએ કંપાઉન્ડ વોલ બનાવવાનું ઠરાવવામાં આવે છે.

બેટી બચાવો.. બાદ.. બેટી પઢાવો.. પાટનગરમાં જ દિવા તળે અંધારું

વર્ષ ૨૦૧૯માં ૪૪૮૨ પુરુષ જન્મ સામે ૩૯૩૬ સ્ત્રી જન્મ : સ્ત્રી પુરુષ જન્મદર વચ્ચેની અસમાનતા સમાજ માટે ઘેરી ચિંતા : સરકાર સાથે સમાજસેવીઓ અને મહીલા સંસ્થાઓએ વધુ જાગૃત થવુ અનિવાર્ય

ગાંધીનગર તા ૧૪

બેટી બચાવો અને બેટી પઢાવોના નારા વચ્ચે રાજયના પાટનગરમાં જ સ્ત્રી અને પુરુષ જન્મદર વચ્ચે નોંધપાત્ર અસમાનતા જોવા મળી રહી છે. સ્ત્રી જન્મદરનુ પ્રમાણ સુધારવા સમાજ જાગૃત થાય તે માટે લેખકો , કવિઓ, સાહીત્યકારો અને કથાકારો પણ સમાજને રાહ ચિંધવાનુ કામ કરી રહ્યા છે. સમાજને ઢંઢોળવાના પ્રયાસરૂપે દિકરી વ્હાલનો દરિયો, અફસર બિટીયા સહીતના શિર્ષકો સહીત નારી શક્તિના ઓવારણા લેતી ટી વી સિરિયલો ગીતો અને પુસ્તકો પણ લખાયા છે. પરંતુ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે હજુ આ દિશામાં કરવા ઘણુ ખુટે છે. ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૯માં ૪૪૮૨ પુરુષ જન્મની સામે ૩૯૩૬ સ્ત્રી જન્મ થયા છે. પુરુષ જન્મની સામે સ્ત્રી જન્મદરમાં આશ્ચર્યજનક ઘટાડો જોવા મળી રહ્યો છે. આંકડા પરથી સ્પષ્ટ થતી હકીકત સમાજ માટે લાલબત્તી સમાન છે.

શહેરમાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૮૪૧૮ જન્મ સામે ૧૬૧૧ મુત્યુ થયા છે. જેમાં પુરુષ જન્મનુ પ્રમાણ ૪૪૮૨ છે. જેની સામે સ્ત્રી જન્મ ૩૯૩૬ હોવાથી બન્ને વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ના નવેમ્બર માસમાં ૬૦૧ પુરુષ સામે ૪૯૫ સ્ત્રી જન્મદર નોંધાયો હતો. જયારે આ મહીનામાં ૧૦૬ પુરુષ અને ૭૭ સ્ત્રીના મોત નિપજયા હતા. સ્ત્રી અને પુરુષ વચ્ચે જન્મદરમાં મોટો તફાવત પણ સમાજ માટે લાલબત્તી સમાન છે. આ બાબત હજુ પણ વિચારણા માંગી લે તેમ છે. વર્ષ ૨૦૧૮ માં ૪૦૬૩ પુરુષ જન્મ સામે ૩૮૮૮ સ્ત્રી જન્મ થયા હતા. જયારે મૃત્યુ દરની વાત કરીએ તો ૮૪૦ પુરુષ મૃત્યુ સામે ૫૭૨ સ્ત્રી મૃત્યુ નોંધાયા હતા. આ ઉપરાંત વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૯ સુધીનો સ્ત્રી પુરુષ જન્મ દરનો આ તફાવત પણ સમાજ માટે ચિંતાજનક હોવાના આંકડા અગાઉ પ્રકાશમાં આવ્યા છે. સ્ત્રી પુરુષ જન્મદર વચ્ચેની આ ખાઈ મોટી થતી જાય છે. જે સમાજસેવા કરતા અગ્રણીઓ તેમજ મહીલા સંસ્થાઓ માટે પણ ચિંતાનો વિષય છે.

● અનુસંધાન પાન-૭ પર

એલઆરડી અનામતનો મામલો ઉકેલની દિશામાં

બિન અનામત વર્ગની માંગ મુદ્દે મુખ્યમંત્રીને અપાયેલી માહિતી : પરિપત્રમાં સુધારાની જવાબદારી કૈલાશનાથનને : રૂપાણી સાથે નીતિન પટેલ, અન્યોની બે કલાક સુધી મિટિંગ અનામતને લઇ મહિલાઓ હજુ મક્કમ : મડાગાંઠ અકબંધ

અમદાવાદ,તા. ૧૪

પહેલી ઓગસ્ટ ૨૦૧૮ના પરિપત્રમાં સુધારા વધારાના સંદર્ભમાં સૂચનો કરવા માટેની જવાબદારી મુખ્યમંત્રીના અગ્રસચિવ કે કૈલાશનાથનને સોંપવામાં આવી છે. હવે તેઓ આ પરિપત્રના સંદર્ભમાં વિસ્તારપૂર્વક અભ્યાસ કર્યા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીને સૂચન કરશે અને સાનુકુળ ઉકેલ લાવવા પ્રયાસ હાથ ધરવામાં આવશે. બીજી બાજુ બિન અનામત વર્ગની મહિલાઓ આજે પણ આંદોલન પર રહેલી છે. મડાગાંઠનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી. આજે પણ બેઠકોનો દોર ચાલુ રહ્યો હતો. આજે ગઈકાલે લેવાયેલા નિર્ણય મુજબ જ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રૂબરૂ મળી બિન અનામત વર્ગના

રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ રાજયના આગેવાનોની રજૂઆત કરી હતી સાથે સાથે મુખ્યમંત્રીને તમામ પાસાઓ અંગે વાકેફ કર્યા હતા. અન્ય કાયદાકીય તેમ જ બંધારણીય મુદ્દાઓ ઉપરાંત સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓ સહિત તમામ મુદ્દે તેમને વાકેફ કર્યા હતા અને સમગ્ર પરિસ્થિતિનો વિગતવાર ચિતાર આપ્યો હતો. નીતિન પટેલ અને ગૃહરાજયમંત્રીની મુખ્યમંત્રી રૂપાણી સાથેની બેઠક પણ બે કલાકથી વધુ સમય સુધી લાંબી ચાલી હતી. હવે હવે કોઈપણ વર્ગને અન્યાય ના થાય તે પ્રકારે તાકીદે સમાધાનકારી ઉકેલ કે નિર્ણયની જાહેરાત કરે તેની રાહ જોવાઈ રહી છે. ખાસ કરીને અનામત વર્ગ અને બિનઅનામત વર્ગ પોતપોતાની તરફેણમાં સરકાર દ્વારા નિર્ણય લેવાય તેની આશા સેવી રહ્યા છે. જો તેમ નહી થાય તો બંને પક્ષ તરફથી ઉગ્ર

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરને મળશે પોલીસ કમિશનર

સાબરમતી, સોલાના કેટલાક પોલીસ સ્ટેશનો અને ચાંદખેડા પોલીસ સ્ટેશન ગાંધીનગરમાં ભેળવાશે : ગાંધીનગરમાં ૩ ડીસીપી નિમાશે : આઈજી કક્ષાના પોલીસ કમિશનર

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર શહેરનો વ્યાપ વધતા પોલીસ કમિશનર મળશે. રાજયના ચાર શહેરોની જેમ પાટનગર ગાંધીનગર કમિશનરેટ બનશે. પોલીસની પોસ્ટ પ્રમાણે અમદાવાદના પોલીસ કમિશનર તરીકે ડીજી કક્ષાના અધિકારી ફરજ બજાવે છે. પરંતુ સરકારના નવા ડ્રાફ્ટ મુજબ આઈજી અથવા આઈ.જી.થી ઉપરની કક્ષાના અધિકારી પોલીસ કમિશનર તરીકે આવશે. આ નિર્ણય લાગુ પડતા અમદાવાદ શહેરના કેટલાક પોલીસ સ્ટેશનની હદ બદલાશે અને ગાંધીનગરમાં સમાવેશ થશે. સરકારે જે ડ્રાફ્ટ તૈયાર કર્યો છે તે મુજબ હવે આ નિર્ણય લાગુ થવાથી અમદાવાદના કેટલાક પોલીસ મથકો ગાંધીનગર પોલીસ કમિશનરની હદમાં આવી જશે. જેમાં અમદાવાદ શહેરનું સાબરમતિ પોલીસ મથક, અડધુ સોલા પોલીસ મથક, ચાંદખેડા પોલીસ મથકનો ગાંધીનગર પોલીસ મથકના હદ વિસ્તારમાં આવશે. રાજયના પાટનગરનો જે રીતે વ્યાપ વધી રહ્યો છે, તેને જોતા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોય તેમ લાગી રહ્યું છે. અત્યાર સુધી અમદાવાદ-રાજકોટ, વડોદરા અને સુરતને પોલીસ કમિશનર મળતા હતા. જયારે પોલીસ કમિશનરેટનો અમલ થતા જ ગાંધીનગર પોલીસ કમિશનરની હદમાં ૩ થી ૪ ડેપ્યુટી પોલીસ કમિશનર મળશે.

શહેરમાં મુખ્ય માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ

આંતરિક માર્ગોની સુધારણાનું પણ કામ હાથ ધરાયું : શહેરના રોડ નં-૧ નુ કામ હાથ ધરાયુ : સે-૨૭ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ શરૂ થશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. ગત વાઈબ્રન્ટ સમિટના અંતે લાંબા સમય બાદ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. હાલ શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહ્યુ છે.જયારે રોડ નં -૧ નુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. સે-૨૭માં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં હાથ ધરાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરના માર્ગોનુ સમયાંતરે રીસરફેસીંગ અનિવાર્ય છે. પરંતુ ગત વાઈબ્રન્ટ સમિટના અંતે શહેરમા ંમાર્ગ સુધારણાની કામગીરી ખોરંભે પડી હતી. જેના લીધે સેકટરોમાં માર્ગ રીસરફેસીંગના કામો અટવાયા હતા. જો કે હાલ સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ લાંબા સમયના અંતે હાથ ધરાયુ છે. આ કામગીરી મંજુર કરાયા બાદ ૮ મહીનાના અંતે હાથ ધરવામાં આવી છે. જેના લીધે સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાલ ચાલી રહ્યુ છે. આ ત્રણેય સેકટરોના અંદાજિત ૪૩ કી મી ના માર્ગોને ચકાચક

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com